જળસંપત્તિ વિભાગ હેઠળના નાના મોટા કાંસની
સફાઇ કામગીરી માટે ધ્યાને રાખવાની અગત્યની
સૂચનાઓ

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક એમ.આઇ.એસ/૧૦૨૦૧૦/૧૭/(૨) /એમ.આઇ.સેલ- ક-૧
તા / /૨૦૧૪
17 DEC 2014

જળસંપત્તિ પ્રભાગના ના નાના અને મોટા કાંસની સાફ સફાઇની કામગીરી અંગે નીચેની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે. જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) જળસંપત્તિ પ્રભાગના ના નાના અને મોટા કાંસની સાફ સફાઇની કામગીરી યાંત્રિક પાંખ મારફતે કરાવવાના કિસ્સામાં પણ પ્રવર્તમાન નિયમો અનુસાર વહીવટી અને તાંત્રિક મંજુરી પણ સક્ષમતા અનુસાર અચૂક મેળવવાની રહેશે.

(૨) આવા કામો માટે સક્ષમ સ્તરની મંજુરી સિવાય જો કામગીરી કરવામાં આવશે તો સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી અને અધિક્ષક ઇજનેરશ્રીની જવાબદારી રહેશે.

(૩) વર્ષવાર જે જે કામગીરી કરવામાં આવે તેનો દરેક કાંસ અને સાંકળ સાથે ( સ્ટ્રક્ચર હોય તો તેની વિગતો સાથે પણ) વ્યવસ્થિત રેકોર્ડ રાખવામાં આવે તે પણ જરૂરી છે. તાજેતરના ભૂતકાળમાં કરેલ કામોનું પુનરાવર્તન ન થાય તે જોવાની જવાબદારી કામના સબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રી અને અધિક્ષક ઇજનેરશ્રીની રહેશે

(૪) જળસંપત્તિ પ્રભાગના ના નાના અને મોટા કાંસની સાફ સફાઇની કામગીરી કરાવતી વખતે સરકારશ્રીના વખતોવખતના નિયમો/ સૂચનાઓનું પણ અચૂક પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત આપવામાં આવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આર.જી.ભટ્ટ )
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી

(૨) માનનીય રાજ્ય કક્ષાનામંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી

(૩). સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,

(૪) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ

(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,

(૬) નાણાકીય સલાહકાર (જ.સં)

(૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

(૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

(૯) સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)

(૧૦).સીલેકટ ફાઇલ